P.R.O

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે

નં.વિશા/એ સેકશન/પરમીટ/૧૯૫/૨૦૧૭
પોલીસ કમિશનરની કચેરી, વિશેષ શાખા,
શાહીબાગ, અમદાવાદ શહેર.
તા.૧૮ .૧૧.૨૦૧૭

ભારતના ચુંટણીપંચ દ્વારા વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ નો કાર્યક્રમ જાહેર થયેલ છે અને તે મુજબ ભારતના નિર્વાચન આયોગે બંધારણની કલમ-૩૨૪ હેઠળ મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક ૪૬૪/એલએન્ડઓ/પીએલએન-૧, તા.૦૮.૦૧.૨૦૦૭ મુજબ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન પરવાનેદાર વ્યકિતઓને શસ્ત્રો કે હથિયારો સાથે લઈ જવા દેવા ઉપર નિયત્રંણ રાખવાની જરૂર છે.

ચૂંટણી મુકત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે ચૂંટણીતંત્ર પ્રયત્નશીલ છે તેમજ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન કોઈ વ્યકિતને અડચણ, ત્રાસ કે નુકશાન અથવા લોકોના જાન, સ્વાસ્થ્ય કે સલામતીને થતું જોખમ અથવા જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તે માટે જાહેરમાં શસ્ત્રો કે હથિયારો લઈને ફરવા ઉપર નિયંત્રણ મુકવું જરૂરી છે.

હું એ. કે. સિંઘ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ તથા જી.પી.એક્ટ-૧૯૫૧ ની કમલ-૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે, પોલીસ કમિશનર અમદાવાદ શહેરની હુકમતમાં આવતા સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિત પરવાનો ધરાવતી હશે તો પણ પોતાની સાથે શસ્ત્રો કે હથિયાર લઈ જઈ કે ફરી શકશે નહી.

<u>આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહી.</u>

(૧) સરકારી નોકરીનું કામકાજ કરતી કોઈ વ્યકિત તેની ફરજના ભાગ રૂપે તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા તેવું હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) ઇન્ડિયન નેશનલ રાયફલ એસોસિએશનના સભ્યો.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ તેમજ ભારતના ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

**આ હુકમ તા.૨૨.૧૧.૨૦૧૭ ના કલાક ૧૭.૦૦ થી તા.૦૬.૧૨.૨૦૧૦૭ ના કલાક ૧૭.૦૦ સુધી અમલમાં રહેશે.**

આ હુકમ અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારને લાગું પડશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સ્પેશિયલ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે આઇ.પી.સી. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ૧૮ માહે નવેમ્બર સને ૨૦૧૭ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

પોલીસ કમિશનર અમદાવાદ શહેર

(એ. કે. સિંઘ )
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.